**પ્ર. : ૧. (ક) નીચેના પાઠની પૂર્તિ કરો :**

(૧) અભયદયાણં ................................ બોહિ દયાણં

**જવાબ : (૧) ચક્ખુદયાણં મગ્ગદયાણં સરણદયાણં જીવદયાણં બોહિ દયાણં**

(૨) વિરાહણાએ ................................ ઓસા

**જ. (૨) વિરાહણાએ ગમણાગમણે પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે**

(૩) જીવ ........................................ વિગલેન્દ્રિય વિના

**જ. (૩) જીવ જાણી પ્રીછી સ્વસંબંધી શરીર માહેલા પીડાકારી સઅપરાધી**

(૪) લોહાએ .................................... જો મે

**જ. (૪) લોહાએ સવ્વ કાલિયાએ સવ્વમિચ્છોવયારાએ સવ્વધમ્માઈક્કમણાએ આસાયણાએ જો મે**

(૫) ઈટ્ઠં ........................................ ધિજ્જં

**જ. (૫) ઇટ્ઠં કંતં પિયં મણુન્નં મણામં ધિજ્જં**

(૬) ઉપ્પાયણેસણાએ .......................... તસ્સ મિચ્છામિ દુક્કડં

**જ. (૬) ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધં પરિગ્ગહિયં પરિભુત્તંવા જંના પરિટ્ઠિવિયં તસ્સ મિચ્છામિ દુક્કડં**

(૭) ઇત્થં ........................................ મુચ્ચંતિ

**જ. (૭) ઇત્થં ઠિયા, જીવા સિજ્ઝંતિ બુજ્ઝંતિ મુચ્ચંતિ**

**(ખ) કોઈ પણ ૮ પ્રશ્નોના જવાબ આપો :**

(૧) પ્રથમ અણુવ્રત શેના વિશેનું છે ? કરણ અને કોટિ વગરનું વ્રત કયું ?

**જવાબ : (૧) બે ઇન્દ્રિય, તેઈન્દ્રિય, આદિ ત્રસ જીવોની હિંસાથી નિવર્તવાનું (ભાગનું ) છે. કરણ અને કોટિ વગરનું વ્રત ૧૨મું છે.**

(૨) તીર્થંકરને ૧૪ દાનમાંથી કેટલા અને કયાં દાન દેવાય ?

**જ. (૨) તીર્થંકરને ૧૪ દાનમાંથી ૧૦ દાન આપી શકાય. તેઓ વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહણ ન રાખતા હોવાથી તે ૪ દાન સિવાયના ૧૦ દાન આપી શકાય.**

(૩) પરિગ્રહ કેટલા ? કયા કયા ?

**જ. (૩) પરિગ્રહ ૯ છે. ખેત, વત્થુ, હિરણ્ણ, સુવણ્ણ, ધન, ધાન્ય, દુપદ, ચઉપ્પદ, કુવિય.**

(૪) સત્ય વ્રતના પાલનથી કયા ગુણો પ્રાપ્ત થાય ?

**જ. (૪) સત્ય વ્રતના પાલનથી નીડરતા, બીજાનો વિશ્વાસ પ્રાપ્ત થાય, લોકોમાં પ્રિય બને, આદેય નામકર્મની પ્રાપ્તિ આદિ અનેક ગુણો પ્રાપ્ત થાય.**

(૫) અણુવ્રત અને મહાવ્રતના તફાવતના બે મુદ્દા લખો :

**જ. (૫)**

| અણુવ્રત | મહાવ્રત |
|---|---|
| (૧) શ્રાવક ગ્રહણ કરે છે | સાધુ ધારણ કરે છે |
| (૨) ૧૨ છે | ૫ છે. |

(૬) દંડ કોને કહે છે ? અનર્થ દંડ કેટલા ?

**જ. (૬) મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ કે જેનાથી આત્મા દંડાય તેને દંડ કહે છે. અનર્થ દંડ ૪ પ્રકારના છે.**

(૭) ચોથા વ્રતની કોટિ કેટલી ? ચોથું અણુવ્રત કેટલા સમયનું છે ?

**જ. (૭) મનુષ્ય તિર્યંચ સંબંધી ૧, દેવતા સંબંધી ૬ કોટિ જાવજીવનું.**

(૮) બીજા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? તેના નામ લખો.

**જ. (૮) બીજા વ્રતના પાંચ અતચાિર. સહસાભકખાણે, રહસ્સાભકખણે, સદારમંતભેએ, મોસોવએસે, કુડલેહ કરણે.**

(૯) ઉપભોગ પરિભોગની વસ્તુઓની મર્યાદાથી શું લાભ થાય ?

**જ. (૯) ઉપભોગ-પરિભોગ વસ્તુઓની મર્યાદાથી થતા લાભ.**
**(૧) ઇચ્છા ઓછી થાય છે, આવશ્યકતાઓ ઘટે છે. (૨) જીવન સંતોષી અને ત્યાગી બને છે, (૩) ધર્મ આચરણ માટે વધુ સમય મળે છે. (૪) ઘણો મોટો કર્મબંધ અટકે છે.**

(૧૦) છઠ્ઠા વ્રત અને દશમા વ્રતમાં શું ફરક છે ?

**જ. (૧૦) છઠ્ઠા વ્રતમાં દિશાની મર્યાદાના જાવજીવના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. દશમા વ્રતમાં એક દિવસ - એક રાત્રિ માટે દિશા અને ભોગ-ઉપભોગની મર્યાદા કરવામાં આવે છે.**

**(ગ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :**

(૧) સદ્દાણુવાએ (૨) ઉવાણહ વિહિં (૩) દુજ્ઝાઓ

(૪) અવિરાહિઓ (૫ આકુટ્ટી (૬) ખેતવુઢ્ઢી (૭) કન્નાલિક

**જવાબ : ગ (૧) સાદ (અવાજ) કરીને મર્યાદાની બહારથી કોઈને બોલાવેલ હોય.**

**(૨) પગરખાની જાત અને મર્યાદા.**

**(૩) આર્ત-રૌદ્ર ધ્યાન ધર્યું હોય.**

**(૪) વિરાધના રહિત, અખંડિત.**

**(૫) જાણી જોઈને, ઈરાદાપૂર્વક**

**(૬) એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારી હોય.**

**(૭) વરકન્યાના રૂપ, ગુણ અને ઉમંર સંબંધી જૂઠ.**

**(ઘ) નીચેના શબ્દોના માગધી શબ્દ લખો :**

(૧) એક કરણ (૨) પ્રમાદ કરવાથી (૩) માઠું ધ્યાન (આર્તધ્યાન રૌદ્રધ્યાન) ધરવાથી

(૪) જંગલ, ખેતર, પર્વત આદિને આગ લગાડવાનો વેપાર કર્યો હોય

(૫) સાચા જૈન માર્ગ વિરૂધ્ધ (૬) ચારિત્ર ધર્મનું દાન કરનાર (૭) અનુજ્ઞા - આજ્ઞા આપો

(૮) ખાતર પાડી -

**જવાબ : (ઘ) (૧) એગવિહં (૨) પમાયાચરિયં (૩)) અવજ્ઝાણાચરિયં (૪) દવગ્ગિદાવણયા**

**(૫) ઉમ્મગ્ગો (૬) ધમ્મ દયાણં (૭) અણુજાણહ (૮) ખાતર ખ ણી**

**(ચ) ધર્મધ્યાનના કાઉસગ્ગના આધારે જવાબ લખો :**

(૧) કયા કયા કારણોથી જીવ સંસારમાં દુઃખ અનુભવે છે ?

**જવાબ : (ચ)(૧) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, અઢાર પાપ સ્થાનક અને છ'કાય જીવની હિંસા કરીને જીવ સંસારમાં દુઃખ અનુભવે.**

(૨) લોકના કયા સ્થાનને આપણો જીવ સ્પર્શી ચૂક્યો નથી ?

**જ. (૨) પાંચ અનુત્તર વિમાનને .**

(૩) જ્યોતિષીના વિમાનો કયા લોકમાં છે ?

**જ. (૩) તિર્ચ્છાલોકમાં છે. .**

(૪) વીતરાગદેવની આજ્ઞા શું છે ?

**જ. (૪) સમકિત સહિત શ્રાવકના બાર વ્રત, અગિયાર પડિમા, સાધુજીનાં પાંચ મહાવ્રત તથા બાર ભિક્ષુની પડિમા. શુભ ધ્યાન, શુભ જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને છ'કાય જીવની રક્ષા કરવી. આ વીતરાગ દેવની આજ્ઞા છે.**

---

**પ્ર. : ૨. તત્વ / સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો :**

**(ક) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ૭ના જવાબ લખો :**

(૧) લેશ્યા એટલે શું ? લેશ્યા કેટલી છે ?

**જવાબ : (ક) (૧) કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્‌ભવતા આત્માના શુભ-અશુભ પરિણામને લેશ્યા કહે છે. લેશ્યા છ છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ.**

(૨) કાળ એટલે શું ? કાળને કેટલા પ્રદેશ છે ?

**જ. (૨) જેનાથી નવા-જૂનાથી ઓળખ થાય છે. સૂર્ય અને ચંદ્રની ગતિથી કાળ (દિવસ-રાત્રિ વગેરે) માપવામાં આવે છે. કાળને કોઈ પ્રદેશ નથી.**

(૩) સત્તાવીશમો બોલ અને ચોત્રીસમો બોલ લખો.

**જ. (૩) સત્તાવીશમેં બોલે : નિક્ષેપા ચાર (૧)નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) ભાવ**
**ચોત્રીસમે બોલે : પાખંડીના ૩૬૩ ભેદ : (૧) ક્રિયાવાદીના ૧૮૦**
**(૨) અક્રિયાવાદીના ૮૪ (૩) વિનયવાદીના ૩૨ (૪) અજ્ઞાનવાદીના ૬૭.**

(૪) જેના ૫ (પાંચ) પ્રકાર હોય અવા બોલના માત્ર નંબર અને નામ લખો.

**જ. (૪) ૧) બીજો બોલે : જાતિ પાંચ ૨) ચોથે બોલે : ઈન્દ્રિય પાંચ**
**૩) સાતમે બોલે : શરીર પાંચ ૪) પચ્ચીસમે બોલે : ચરિત્ર પાંચ**
**૫) અઠ્ઠાવીસમે બોલે : સમકિત પાંચ ૬) તેત્રીસમે બોલે સમવાય પાંચ.**

(૫) શ્રાવકના ગુણ કેટલા ? કોઈ પણ ૪ ગુણ લખો.

**જ. (૫) શ્રાવકના ગુણ ૨૧ છે. અક્ષુદ્ર, યશવંત, સૌમ્ય પ્રકૃતિવાળો, લોકપ્રિય.**

(૬) ગુણસ્થાન એટલે શું ? ૮મા અને ૧૧મા ગુણસ્થાનકનું નામ લખો.

**જ. (૬) મોહ અને યોગના કારણે આત્માની જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ગુણોની તારતમ્યતા (ઓછી), વધુ)વાળી અવસ્થાને ગુણસ્થાન કહે છે. નિયટ્ટિ બાદર, ઉપરાંત મોહનીય.**

(૭) સમવાય એટલે શું ? તે કેટલા છે ? નામ લખો.

**જ. (૭) જેના સમન્વયથી કાર્ય થાય તે સમવાય છે, તે પાંચ છે : કાળ, સ્વભાવ; નિયતિ, કર્મ (પૂર્વ કૃ.), પુરુષાર્થ, પુરુષાકાર ઉધમ**

(૮) પ્રાણ કેટલા છે ? તે કેટલામો બોલ છે ? છેલ્લા બે પ્રાણના નામ લખો.

**જ. (૮) પ્રાણ ૧૦ છે, તે છઠ્ઠો બોલ છે. છેલ્લા બે પ્રાણ શ્વાચ્છોશ્વાસ બલપ્રાણ, આયુષ્ય બલપ્રાણ.**

(૯) ધ્યાન કેટલા છે ? ફક્ત નામ લખો.

**જ. (૯) ધ્યાન ૪ છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

**(ખ) મને ઓખળો – કોઈ પણ ચાર :**

**જવાબ (ખ)** (૧) મારા વપરાશથી કાનમાં બહેરાશ આવે છે. **જવાબ : ફટાકડા**

(૨)મારાથી પૈસા તેમજ સભ્યતાનો નાશ થાય છે. **જવાબ : ટી.વી.**

(૩) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં જીવ છે તેવું હું માનું છું. **જવાબ : જૈન ધર્મ**

(૪) મારો આવેશ હત્યા પણ કરાવી શકે છે. **જવાબ : ક્રોધ**

(૫) હું કાયમ ટકનાર નથી. **જવાબ : અભિમાન**

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ આપો – કોઈ પણ ત્રણ :**

(૧) તહેવારો કેટલા પ્રકારના છે ? કયા કયા ? સમજાવો.

**જવાબ (ગ) (૧) તહેવારો બે પ્રકારના છે- લૌકિક અને લોકોત્તર. આત્માને ધર્મ કરવામાં જાગૃત કરે તથા આત્માનું પોષણ કરવમાં જોડે તે લોકોત્તર તહેવાર છે. આત્માને પાંચ ઈન્દ્રિયના વિષયમાં અને ૧૮ પાપના કાર્યમાં જોડે તે લૌકિક તહેવાર છે.**

(૨) જૈન ધર્મ કોણે બતાવેલ છે ? અને તેઓ કેવા હોય છે ?

**જ. (૨) જૈન ધર્મ કેવળજ્ઞાનીઓએ બતાવેલ છે. તેઓ રાગ, દ્વેષ રહિત અને ત્રણે કાળના સર્વ ભાવોને જાણનાર હોય છે.**

(૩) રાગના કારણથી શું થાય છે ? દ્વેષના કારણથી શું થાય છે ?

**જ. (૩) રાગના કારણથી માયા અને લોભ થાય છે.દ્વેષના કારણથી ક્રોધ અને અભિમાન આવે છે.**

(૪) સામુદાયિક કર્મ બંધાય તેનું ફળ શું છે ?

**જ. (૪) સામુદાયિક કર્મ બંધાય છે. તેના ફળ રૂપે રલ્વે, પ્લેન, બસ, અકસ્માત, ધરતીકંપ, વાવાઝોડું વગેરે આપત્તિઆમાં તે જીવો એક સાથે મૃત્યુ પામે છે.**

**(ઘ) ખાલી જગ્યા પૂરો :**

(૧) ........... બાળવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

**જ : (૧) <u>અક્ષર</u> બાળવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.**

(૨) ફટાકડામાં ........... વપરાય છે.

**જ. (૨) ફટાકડામાં <u>ગંધક (પૃથ્વીકાય)</u> વપરાય છે.**

(૩) ખુશામતથી અભિમાની ......... બની જાય છે.

**જ. (૩) ખુશામતથી અભિમાની <u>કુલણશી</u> બની જાય છે.**

(૪) વસ્તુના સ્વભાવને ............ કહે છે.

**(૪) વસ્તુના સ્વભાવને <u>ધર્મ</u> કહે છે.**

(૫) નિમિત્તોને ........... આપવી જોઈએ.

**(૫) નિમિત્તોને <u>ક્ષમા</u> આપવી જોઈએ.**

(૬) .......... જીતવો સૌથી અઘરો છે.

**(૬) <u>રાગને</u> જીતવો સૌથી અઘરો છે.**

**(ચ) ફક્ત 'હા' કે 'ના' લખો : જવાબ :**

(૧) મનુષ્ય એ જાતિનો ભેદ છે. **જવાબ : ના**

(૨) ઈન્દ્રિયના વિષય પાંચ છે. **જવાબ : હા**

(૩) સાસ્વાદાન ગુણસ્થાનકનો ભેદ છે. **જવાબ : હા**

(૪) છ દ્રવ્યના એકત્રીસ બોલ છે. **જવાબ : ના**

(૫) નિર્જરાના વીસ ભેદ છે. **જવાબ : ના**

(૬) જેનું સદાકાળ હોવાપણું એ તત્ત્વ છે. **જવાબ : હા**

(૭) જીવ અને પુદ્ગલને સ્થિર કરનાર ધર્માસ્તિકાય છે. **જવાબ : ના**

(૮) ભાવના બાર છે. **જવાબ : હા**

(૯) જેનામાં ચેતના છે તે અજીવ છે. **જવાબ : ના**

(૧૦) સાધુના મહાવ્રત ૧૨ છે. **જવાબ : ના**

---

**પ્ર. : ૩. (ક) વાર્તાના આધારે પ્રશ્નોના જવાબ આપો :**

(૧) મંત્રીએ મેઘરથ રાજાને શું કહ્યું ?

**જ. (૧) મંત્રીએ મેઘરથ રાજાને કહ્યું, ''મહારાજ ! આ દગો છે. કોઈ માયાવી શત્રુદેવ ષડયંત્ર રચીને આપનું જીવન ખતમ કરવા ઇચ્છે છે. જો આમ ન હોત તો આટલું બધું માંસ મૂકી દીધા પછી પણ કબૂતરનું પલ્લું ભારે કેવી રીતે રહે ?**

(૨) રોહિણેયને ફસાવવા અભયકુમારે મહેલના ઓરડામાં શું કરાવ્યું ?

**જ. (૨) મહેલના એક વિશાળ ખંડમાં તેમણે અનેક પ્રકારના ઝુમ્મર, ચંદરવા અને ધજાઓ બંધાવી. દરવાજે શોભાયમાન તોરણો લટકાવ્યાં. ઓરડામાં અગર ચંદન અદિ સુગંધી દ્રવ્યો મુકાવ્યાં. શયનખંડમાં સુંદર રીતે શણગારેલી શય્યા પથરાવી. અત્યંત સ્વરૂપવાન દાસીઓને સોળે શણગાર સજાવી. તેમણે હાથમાં મૃદંગ અને વાજિંત્રો આપી તે ઓરડામાં ઊભી રખાવી. આ બધું જાણે સાક્ષાત દેવલોકને ધરતી પર ઉતાર્યું હોય તેવું લાગતું હતું.**

(૩) ધન્યા શા માટે રડતી હતી ?

**જ. (૩) સંગમે ખીર ખાવા જીદ કરી હતી. ધન્યા ખૂબ ગરીબ હોવાથી ખીર બનાવી શકે તેમ ન હતી. તેથી પોતાની ગરીબીનો વિચાર કરતાં રડતી હતી.**

(૪) નાગશ્રીને શેની હોંશ હતી ?

**જ. (૪) ''બધા ભાઈઓની પત્ની કરતાં પોતાની રસોઈ સારી છે'' તેવું બતાવવાની હોંશ હતી.**

(૫) મેઘરથ રાજાની પરીક્ષા દેવે શા માટે કરી ?

**જ. (૫) બીજા દેવલોકના ઈશાનેન્દ્ર મેઘરથ રાજાની ગુણગાથા કરી રહ્યા હતા તે પ્રશંસા સાંભળી દેવને વિશ્વાસ ન આવ્યો. માટે તે દેવ પરીક્ષા કરવા આવ્યો.**

**(ખ) કોણ બોલે છે ? કોને કહે છે ?**

(૧) આપ જ અમારે ઘેર પધારી દર્શન દેવાની કૃપા કરો.

**જ. (૧) ભદ્રામાતા શ્રેણિક રાજાને કહે છે.**

(૨) મેં મનુષ્ય ભવમાં કેવળ ધર્મ જ કર્યો છે.

**જ. (૨) રોહણિયો ચોર દેવીઓને કહે છે.**

(૩) હું જ એને શોધતો શોધતો અહીં આવ્યો છું.

**જ. (૩) બાજ મેઘરથ રાજાને કહે છે.**

---

**પ્ર. : ૪. કાવ્યપૂર્તિ કરો – નીચેનામાંથી કોઈ પણ ચાર :**

(૧) આત્મા નથી ........................................ મુજને ખરે !

**જ. (૧) આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી**
**મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી,**
**રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે !**
**દીવો લઈ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે !,,,,**

(૨) મેં ભોગ................................................ ભૂલી ગયો .

**જ. (૨) સારા ચિંતવ્યા પણ રોગસમ ચિંતવ્યા નહિ**
**આગમન ઇચ્છયું ધન તણું પણ મૃત્યુને પૂછ્યું નહિ**
**ચિંતવ્યું મેં નર્ક કારાગૃહ સમી છે નારીઓ**
**મધુબિંદુની આશા મહીં ભય માત્ર હું ભૂલી ગયો.**

(૩) અથવા નકામું ...................................... .. વાત ક્યાં ?

**જ. (૩) અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું ?**
**હે દેવતાના પૂજ્ય ! આ ચરત્રિ મુજ પોતાપણું,**
**જાણે સ્વરૂપ ત્રણ લોકનું ત્યાં મારું તો શું માત્ર આ ?**
**જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત ક્યાં ?**

(૪) ચોવીસે જિનના ...................................... વર્તાવ્યો આનંદ.

**જ. (૪) ચોવિસે જિનના, સઘળા એ ગણધર,**
**ચૌદસો ને બાવન, તે પ્રણમું સુખકાર**
**જિન શાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ**
**ગૌતમાદિક ગણધરે, વર્તાવ્યો આનંદ ....**

(૫) શ્રી જિન અંતરના .................................... પરિવાર.

**જ. (૫) શ્રી જિન અંતરના, હુઆ પાટ અસંખ્ય**
**મુનિ મુક્તે મહોંચ્યા, ટાળી કર્મના વંક ...**
**ધન્ય કપિલ મુનિવર, નમું નમિ અણગાર**
**જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ર રમણી પરિવાર ... ।**

**। જય જિનેન્દ્ર ॥**